# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 18-03-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

---

-------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# BHIKHUSINH VIDHANSABHA

સામાજિક ન્યાય અને અધિકારિતા રાજ્યમંત્રી ભીખુસિંહ પરમારે જણાવ્યું કે રાજ્યમાં કુંવરબાઈનું મામેરું યોજના અંતર્ગત છેલ્લાં પાંચ વર્ષમાં 43 હજાર 130 લાભાર્થીને 49 કરોડ રૂપિયાથી વધુની સહાય આપવામાં આવી છે. ધારાસભ્ય દ્વારા વિધાનસભા ગૃહમાં પૂછાયેલા પ્રશ્નના પ્રત્યુત્તરમાં તેમણે જણાવ્યું કે, રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષમાં કુલ એક લાખ 30 હજારથી વધુ મનોદિવ્યાંગ નાગરિકોને અંદાજે 134 કરોડ રૂપિયાની સહાય આપવામાં આવી છે.

શ્રી પરમારે જણાવ્યું, બૌદ્ધિક અસમર્થ નાગરિકોને સહાયરૂપ થવા રાજ્ય સરકારે દિવ્યાંગતાની ટકાવારીમાં સમયાંતરે 80 ટકાથી 50 ટકા સુધીનો ઘટાડો કર્યો છે. શ્રી પરમારે જણાવ્યું કે પાટણ જિલ્લામાં વર્ષ 2024 દરમિયાન 341 બૌદ્ધિક અસમર્થ નાગરિકોને 23 લાખ 51 હજાર રૂપિયાથી વધુની સહાય ચૂકવવામાં આવી છે.

# VIDHANSABHA QUESTINNAIRE

આંતરરાજ્ય પ્રવાસનને વેગ આપવાના હેતુથી દાહોદ જિલ્લાના ઝાલોદ ખાતે આંતરરાજ્ય હવાઈ મથક બનાવાની કામગીરી શરૂ કરાઇ છે. આજે વિધાનસભામાં રાજ્યના નાગરિક ઉડ્ડયન મંત્રી બલવંતસિંહ રાજપૂતે જણાવ્યું કે દાહોદમાં વિકસાવવામાં આવનાર હવાઈમથકમાં ખાનગી જમીનનો સમાવેશ થતો નથી, 100 ટકા સરકારી જમીન મેળવવામાં આવશે.

 વ્હાલી દીકરી યોજના હેઠળ વર્ષ 2024માં સુરેન્દ્રનગર જિલ્લાની એક હજાર 598 દીકરીઓને કુલ 17 કરોડ 57 લાખ રૂપિયાથી વધુની સહાય મંજૂર કરાઈ છે. વિધાનસભામાં રાજ્ય મંત્રી પ્રફુલ પાનશેરિયાએ જણાવ્યું કે આ યોજના હેઠળ દીકરીઓને વિવિધ તબક્કે કુલ રૂ. એક લાખ દસ હજાર રૂપિયાની સહાય આપવામાં આવે છે. શ્રમ અને રોજગાર મંત્રી બલવંતસિંહ રાજપૂતે કહ્યું, મહેસાણા અને ગાંધીનગરમાં જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં કુલ 10 હજાર 835 શિક્ષિત અને અર્ધ શિક્ષિત યુવાનોને ખાનગી ક્ષેત્રમાં રોજગારી ઉપલબ્ધ કરાવાઇ છે. વિધાનસભામાં ઔદ્યોગિક નીતિ-2020 હેઠળ જામનગર જિલ્લાના MSME એકમોને વ્યાજ સહાય વિશે વિગતો આપતા ઉદ્યોગ મંત્રી બલવંતસિંહ રાજપુતે જણાવ્યું કે છેલ્લા એક વર્ષમાં જામનગરમાં વ્યાજ સહાયની કુલ 401 અરજીઓ મંજૂર કરાઇ છે, જે અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા 9 કરોડ 81 લાખ રૂપિયા કરતા વધુની રકમ ચૂકવાઈ છે.

# AMC SCHOOL EDUCATION

અમદાવાદ મહાનગરપાલિકા સ્કુલ બોર્ડ આગામી સત્રથી ધોરણ નવ અને ધોરણ 10ની શાળાઓ પણ શરૂ કરશે, જેથી નવા સત્રથી બાલવાટિકાથી ધોરણ 10 સુધીનું શિક્ષણ વિના મૂલ્યે મળશે. આગામી સત્રથી સાત ઝોનમાં સાત માધ્યમિક શાળાઓ શરૂ કરવામાં આવશે, જેમાં ગરીબ અને મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓ વિના મુલ્યે ધોરણ 10 સુધીનો અભ્યાસ કરી શકશે. મહાનગરપાલિકા સંચાલિત સ્કૂલ બોર્ડ દ્વારા હાલમાં ધોરણ 1થી 8 સુધીની 400થી વધુ શાળાઓ ચાલી રહી છે.

સ્કુલ બોર્ડના ચેરમેન સુજય મહેતાએ જણાવ્યું હતું કે, પ્રારભમાં સાત ઝોનમાં સાત માધ્યમિક શાળા શરૂ કરવામાં આવશે અને ત્યારબાદ બોર્ડની સૂચના અને વ્યવસ્થાઓને ધ્યાનમાં રાખીને તેનું વિસ્તરણ કરવામાં આવશે.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

......................................

# KUTCH FIRE BALL

કચ્છના આકાશમાં સોમવારે વહેલી સવારે જોવા મળેલા અનોખા પ્રકાશપુંજે ભારે કૌતુક સર્જ્યું છે. કચ્છના આભમાં દેખાયેલી આ અવકાશી ઘટના ઉલ્કાઘર્ષણથી થતા ફાયરબોલ એટલે કે, અગનગોળાનાં કારણે ઘટી હોવાનું ખગોળશાત્રીએ જણાવ્યું હતું. જો કે આ અવકાશી ઘટનાનો તાગ મેળવવા માટે ઈસરો અને ફિઝિકલ રીસેર્ચ લેબોરેટરીના નિષ્ણાતો સ્થળ તપાસ કરીને માહિતી આપશે. આ અંગે કચ્છ યુનિવર્સિટીના ભૂસ્તરશાસ્ત્રી ડોક્ટર સુભાષ ભંડેરીએ વધુ માહિતી આપીઃ

**(BYTE DR. SUBHASH BHANDERI)**

# MEHSANA SUNITA

અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ આવતી કાલે સવારે ધરતી પર પહોંચશે. જેને લઈને તેમના માદરે વતન મહેસાણા જિલ્લાના કડી તાલુકાના ઝુલાસણ ગામમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. મહેસાણા જિલ્લાના અમારા પ્રતિનિધિ જયંતી ચૌધરી જણાવે છે કે ગામના તમામ મંદિરોમાં ધૂન તેમજ ભજનનું આયોજન કરાયું છે.

# ARAVALLI ACCIDENT

અરવલ્લી જિલ્લાના શામળાજીના અણસોલ પાસે અકસ્માતમાં ત્રણ વ્યક્તિનાં મૃત્યુ થયાં છે. અરવલ્લી જિલ્લાના અમારા પ્રતિનિધિ અંકિત ચૌહાણ જણાવે છે કે અજાણ્યા વાહને એક બાઈકને અડફેટે લીધું હતું જેમાં બાઇક સવાર ત્રણ લોકોના મોત નિપજ્યાં હતા. ઘટનાને પગલે પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી. ત્રણે વ્યક્તિના મૃતદેહને હોસ્પિટલ ખસેડાયા હતા.

# BANASKANTHA POLICE

બનાસકાંઠાના પાલનપુર અને ડીસા સહિતના શહેરોમાં અસામાજિક તત્વો અને પ્રવૃત્તિઓ પર અંકુશ માટે પોલીસે ખાસ ઝુંબેશ શરૂ કરી છે. સંવેદનશીલ ગણાતી અમીરગઢ બોર્ડર પર જિલ્લા પોલીસે ચેકિંગ હાથ ધર્યું છે. માદક પદાર્થો તેમજ હથિયારો સાથે રાજ્યની સરહદમાં પ્રવેશનાર સામે કાયદેસર કાર્યવાહી કરાશે. જિલ્લા પોલીસે 221 અસામાજિક તત્વોની યાદી તૈયાર કરી છે જેમની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.